*ISSN No: 2455-734X (E-Journal)*
*An Inter-Disciplinary National Peer & Double Reviewed e-Journal of Languages, Social Sciences and Commerce*

The Churning
Uma Arts & Nathiba Commerce Mahila
College, Gandhinagar, Gujarat, India

**Book Review**

# ઉત્તમ ગડા કૃત એકાંકી સંગ્રહ 'વોટ્સપ અને અન્ય લઘુનાટકો'- એક સમીક્ષા

**ડૉ. ધ્વનિલ પારેખ**
મ. દે.ગ્રામસેવા સંકુલ,
ગૂજરાત વિદ્યાપીઠ,
સાદરા.
parekhdhwanil@gmail.com

ગુજરાતમાં નાટ્યલેખક તરીકે જેમનું નામ પ્રમાણમાં ઓછું જાણીતું છે એવા ઉત્તમ ગડાએ વીસથી વધુ દીર્ઘનાટકો, એકાંકીઓ અને એકોક્તિઓ દ્વારા ગુજરાતી રંગભૂમિ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. 'રાફડા', 'મહારથી', 'પાંખ વિનાના પતંગિયા', 'મહાપુરુષ', 'હું રીમા બક્ષી!', 'શિરચ્છેદ', 'ડિયર ફાધર' વગેરે વ્યાવસાયિક રીતે સફળ થયેલાં પણ જુદાં પડતાં દીર્ઘનાટકો છે. નાટકો ઉપરાંત વાર્તા, પટકથા લેખન સાથે પણ તેઓ સંકળાયેલા છે. 'વોટ્સપ અને અન્ય લઘુનાટકો' માં કુલ ૯ કૃતિઓનો સમાવેશ છે. આ કૃતિઓમાં ત્રણ કૃતિઓ એકપાત્રીય નાટકો છે અને એમાં 'વોટ્સપ' અને 'કાર્લ માર્ક્સ ઈન કાલબાદેવી' પ્રમાણમાં દીર્ઘનાટકો છે જયારે 'સિસ્ટમ' અને 'પોઝિટીવ થિન્કિંગ' લઘુનાટકો છે

'વોટ્સપ' એકપાત્રીય નાટકમાં એરપોર્ટનાં ડીપાર્ચર ગેટની બહારનો વેઇટિંગ એરિયા છે. ચિરાગ લંડન જઈ રહ્યો છે. ચિરાગ વોરા અભિનીત નાટકની રચના એવી છે કે ચિરાગ સતત મોબાઇલ પર વાતો કરતો હોય છે અથવા પ્રેક્ષકો સાથે સંવાદ કરતો હોય છે. ત્રણ સમસ્યા વારાફરતી આવે છે ને અંતે એ ત્રણેનું સમાધાન થાય છે ત્યાં વાત પૂરી થાય છે. નમસ્કારથી હાય, હલ્લો અને હવે 'વોટ્સપ' સુધી બદલાયેલા સમયનું સૂચન પણ અહીં થાય છે. 'મિસકોલ કરી દઈશ' થી વાત હવે 'વોટ્સપ કરી દઈશ' સુધી પહોંચી છે. દુનિયા જાણે 'વોટ્સપ' પર જ જીવતી હોય એમ લાગે છે, એવો ગર્ભિત સૂર પણ અહીં પ્રગટ થાય છે. મોબાઇલ પોતે એક પાત્ર હોય એમ આખા નાટકમાં હાજર છે. સત્યિત પુરાણી અભિનીત 'કાર્લ માર્ક્સ ઈન કાલબાદેવી' શીર્ષક પ્રમાણે એક તરંગ છે. આજે જેટલી ગાંધીની જરૂર છે એટલી કાર્લ માર્કસની પણ છે એવો સૂર નાટકના અંતે પ્રગટ થાય છે. 'સિસ્ટમ' આ બધામાં એના વિષયવસ્તુને કારણે જરા જુદું પડતું નાટક છે. રઘુ જેલમાં ઇન્ટરોગેશન વખતે જે કંઇ પણ થાય એના સાક્ષી તરીકે કામ કરે છે. રઘુએ પોતાના અંગત જીવનમાં એક સિસ્ટમ ઊભી કરી છે. અંગત સિસ્ટમથી શરૂ થયેલી વાત સમાજ આખો 'પૈસા ખવડાવે છટકી જાઓ'ની સિસ્ટમમાં કેવો સપડાયો છે ત્યાં સુધી વિસ્તરે છે. પત્ની સાથે અંગત જીવનમાં ઊભી કરેલી સિસ્ટમ પણ નાટકના અંતે ઘાતક નીવડે છે. વિષયવસ્તુની રીતે એકદમ આકર્ષક નાટકનું લેખન પણ ચુસ્ત છે. 'સિસ્ટમ' શીર્ષકની વ્યંજના અહીં વિસ્તરે છે. પ્રતીક ગાંધી અભિનીત 'પોઝિટીવ થિન્કિંગ' માં દામ્પત્ય જીવનમાં હકારાત્મક વિચાર કેટલો જરૂરી છે એની વાત છે અને એ વાત ભગવાન પણ હકારાત્મક વિચારસરણી રાખે તો? - ત્યાં સુધી વિસ્તરે છે. પ્રમાણમાં આ નાટક જરા ઓછી ચુસ્તી ધરાવે છે. અંત પણ એટલો સહજ લાગતો નથી.

'રંગો', 'સિક્યોરીટી', 'ફાયરવોલ' આ ત્રણ લઘુનાટકના કેન્દ્રમાં ૨૫-૨૬ વર્ષના યુવક યુવતીનો પ્રેમ રહ્યો છે. 'રંગો'માં છોકરો અને છોકરી હોટલમાં બેઠાં હોય છે ને એમની વાતોમાંથી એમનાં પ્રેમના રંગો ઉઘડતા જાય છે. 'સિક્યોરીટી' નાટક એ 'રંગો'નો વિસ્તાર છે. લાઇફની સિક્યોરીટીની ચિંતામાં ને ચિંતામાં પ્રેમનો મૂળ રંગ ખોવાઇ જતો હોય છે એવો સૂર અહીં પ્રગટ થાય છે. અહીં પણ હોટલમાં છોકરો અને છોકરી વાતો કરતાં બેઠાં છે. આ નાટકના અંતે આવતી બોમ્બ ધડાકા વાળી વાત આગંતુક અને આંચકો આપવા માટે પ્રયોજાઇ હોય એવું લાગે છે. છોકરો અને છોકરી ફરી એકબીજાનાં થાય છે, ત્યાં જ વાત પૂરી થવી જોઇતી હતી. લેખકે નોંધ મૂકી છે આ 'રંગો' અને 'સિક્યોરીટી' બંને આમ તો સ્વતંત્ર નાટકો છે પણ બંને સાથે ભજવાઇ તો એની જુદી અસર

ઊભી થાય. 'ફાયરવોલ' રચનારીતિની દૃષ્ટિએ જુદું પડતું નાટક છે. પૂજા અને અરુણ વિમાનમાં બાજુબાજુમાં બેઠાં છે પણ એમની વચ્ચે અદૃશ્ય ફાયરવોલ છે ને સમાંતરે બીજા દૃશ્યો પણ ભજવાતાં જાય છે. બાજુબાજુમાં બેઠાં હોવાં છતાં સ્વગત ચાલતી સંવાદોની પ્રયુક્તિ અસરકારક છે. કોમ્પ્યુટરમાં વાઈરસથી બચવા ફાયરવોલનો ઉપયોગ થાય છે. એવું જીવનમાં પણ બનતું હોય છે પણ ફાયરવોલને કારણે જરૂરી હોય એવા માણસોથી પણ આપણે દૂર નથી થઇ જતા ને?

'ભ્રમ' અને 'રેડ સી' જુદા વિષયનાં નાટકો છે. 'ભ્રમ'માં બે પાત્રો ડોક્ટર અને નીલેશ કોટક છે પણ સંવાદો આગળ પાત્રોના નામ નથી અને એ રીતે પણ લેખકે એક ભ્રમ ઊભો કર્યો છે. પોતાની આસપાસના સ્વજનોને ભ્રમ થયો છે એ વિષે સાયકીયાટ્રીસ્ટ સાથે સંવાદ કરનાર નીલેશ કોટક પોતે જ કોઈ ભ્રમનો શિકાર છે, એવું રહસ્ય પ્રગટ થાય છે. 'દરિયાલાલ' જેવી નવલકથાનાં લેખક ગુણવંતરાય આચાર્ય એક પાત્ર તરીકે આવે છે 'રેડ સી' નાટકમાં. પોતાની નવલકથા પરથી ફિલ્મ બનાવવા માટે ગુણવંતરાય પ્રોડ્યુસર પાસે જાય છે, કથા સંભળાવે છે, એ સાથે ફિલ્મી જગતનાં રહસ્યો પણ પ્રગટ થતાં જાય છે.

ઉત્તમ ગડા લિખિત આ નાટકોની પાત્રસૃષ્ટિ મોટેભાગે શહેરી શિક્ષિત વર્ગ છે એટલે અહીં એ પ્રમાણે ભાષાનો વિનોયોગ કરવામાં આવ્યો છે. હોટલમાં જઇએ છે ત્યારે વેઇટરને ગુજરાતી આવડતું હોય તો પણ આપણે હિન્દીમાં શરૂ થઇ જઇએ છીએ. શહેરી વર્ગની આ લાક્ષણિકતા અને એવા સંવાદો 'સિક્યોરીટી' નાટકમાં જોવા મળે છે. સંવાદો મોટાભાગનાં નાટકોમાં અસરકારક અને ધારદાર છે. 'વોટ્સપ'નું આજે જે મહત્ત્વ છે એ આ રીતે પ્રગટ થાય છે, "વરસ પહેલાં કોઇને ખબર પણ ન હતી કે આ વોટ્સપ! વળી છે શું? અને આજે? વોટ્સપ! બંધ થયું તો – કામવાળી ન આવવાની હોય એવું ટેન્શન થઇ જાય! અમુક ભાઈઓને માવો ન મળવાનો હોય એવો ગભરાટ પેસી જાય!" ('વોટ્સપ', પા.૦૧) આ નાટકમાં રાજકારણીઓનાં નામ સહિત કટાક્ષ છે એ પણ માણવા જેવા છે. જેમ કે, "૨૧ વરસના થાઓ પછી લગ્ન કરી શકાય. એટલે ક્યારે લગ્ન કરી શકાય એ આપણને સરકારે જણાવ્યું છે! અને ક્યાં સુધી લગ્ન કરી શકાય એ આપણને દિગ્વિજયસિંહે જણાવ્યું છે." ('વોટ્સપ', પા.૧૦) આ નાટકોના સંવાદોની બીજી એક ખૂબી એ છે કે એ ગંભીર વાતો પણ હળવી રીતે, ટીખળ કરીને કે કટાક્ષનો ઉપયોગ કરીને રજૂ થાય છે. આમ પણ મુંબઇના નાટકોને હળવાશ વિના ક્યાં ચાલ્યું છે? અહીં વ્યાવસાયિક નાટકો જેવા સસ્તા, ગલગલિયા કરાવતા સંવાદો નથી. 'સિક્યોરીટી' નાટકમાં છોકરો ધંધામાં કેટકેટલી રીતે નિષ્ફળ ગયો એની વાત સફળ રમૂજી સંવાદો દ્વારા કહે છે–

"છોકરો: પણ એમાં મારી ધોલાઈ થઇ ગઈ! (અટકે) પછે મેં હેર કટિંગ સલૂન નાખી! (છોકરી જોઈ રહે) એમાં તો મારે માથે ટાલ પડી ગઈ! (છોકરી – મજાક ખબર પડતાં માથું હલાવે) પછી મેં કાગળનો બિઝનેસ શરૂ કર્યો–એમાં– (અટકી) એમાં મારો ડૂચો નીકળી ગયો! પણ હું હિંમત ન હાર્યો – મેં ફ્રૂટનો જ્યુસ સ્ટોલ નાખ્યો – પણ સાલું એમાં તો મારા છોતરા નીકળી ગયા!

છોકરી: ગ્રેટ! ઇનફ હવે!

છોકરો: તને ખબર છે– હું મીણબત્તીનો બિઝનેસ શા માટે નથી કરતો?

છોકરી: શા માટે?

છોકરો: જસ્ટ ગેસ! (છોકરી વિચારી માથું હલાવે)

છોકરી: આઈ કેન્ટ!

છોકરો: મને ખબર છે– એમાં મારી વાટ લાગી જવાની છે!" ('સિક્યોરીટી', ૭૫)

આવા રમૂજી ટીખળભર્યાં સંવાદો ઉપરાંત 'સોશિયલ નેટવર્કિંગ થાય– પણ મનનું, હૃદયનું નેટવર્કિંગ નહીં! ('ફાયરવોલ', ૧૦૫) જેવાં હૃદયસ્પર્શી સંવાદો પણ અહીં છે.

આગળ નોંધ્યું એમ અહીં મુંબઇનો શહેરી ઉચ્ચવર્ગ અને યુવા પાત્રો કેન્દ્રમાં છે એટલે સંવાદથી માંડીને પાત્રાલેખન પણ એ પ્રકારનાં છે. મોર્ડન લાઇફ સ્ટાઇલ અહીં મોટાભાગના નાટકોના કેન્દ્રમાં છે અને એ સ્ટાઇલ ઊભી કરવા માટે લેખકે સંવાદો અને રંગસૂચનો પાસેથી ધાર્યું કામ લીધું છે.

આ નાટકોની બીજી ખૂબી અહીં નિર્દેશેલાં રંગસૂચનો અને પ્રયુક્તિઓ છે. સામાન્ય રીતે નાટકમાં આવતાં રંગસૂચનો સ્થળ–કાળનું વર્ણન બનીને અટકી જતાં હોય છે. પણ અહીં રંગસૂચનો એકદમ ગતિશીલ, અભિનયક્ષમ અને નાટકની કથાવસ્તુને સંવાદની જેમ જ આગળ લઇ જનારાં છે. બે ઉદાહરણથી આ વાટ સ્પષ્ટ કરીશ: "અંધારું. ખુરશી પર પ્રકાશ. અરુણ નસકોરાં મોટેથી બોલાવતો ધોરે છે. પૂજા ત્રાસી ખુન્નસથી એને જોઇ રહી છે. થોડીક ક્ષણો

પૂજા અસ્વસ્થ! નસકોરાં મોટાં અને ભયાનક થતાં જાય. છેવટે પૂજાથી રહેવાય નહીં. હાથમાંના મેગેઝીનનું ભૂંગળું વાળી જોરથી અરુણના મોઢા પર ફેંકે. પછી તરત જાણે ઘસઘસાટ ઊંઘમાં હોય એમ ઢોંગ કરે. અરુણ સફાળો, લગભગ રાડ નાખતો જાગી જાય. આમ તેમ જુએ. સમજણ ન પડે કે શું થયું, ઘસઘસાટ સૂતેલી પૂજાને જુએ. પ્રશ્નાર્થ! પાછો પોઝિશન બદલી આંખ મીંચી લે. બીજી ક્ષણે પાછા નસકોરાં ચાલુ" ( 'ફાયરવોલ', ૧૦૨) બીજું ઉદાહરણ: " છોકરી વિફરી આખું ટેબલ છોકરાં તરફ ધકેલે. છોકરો ચમકી પાછળ જતાં- ખુરશી પાછળ નમે અને છોકરાને લઈને ઊંધી થઇ જાય- છોકરો ભોંય પર. છોકરી ખડખડાટ હસી પડે. છોકરો ખુરશીમાંથી બહાર નીકળી, ઊભો થવા તરફડીમાં મારે. છોકરી વધુ હસે. વેઈટર દોડી આવી એને ઊભો કરે. ખુરશી બરોબર કરી -કપડાં ઝાટકી છોકરો બેસે- ત્યાં સુધી છોકરી હસીને બેવડ વળી જાય." આ બંને ઉદાહરણમાં થતી ક્રિયાઓ, એની ગતિ અને એ દ્વારા થતા અભિનયને જોઇ શકાય છે. પટકથાલેખનનો લેખકનો અનુભવ અહીં કામ લાગે છે. પરંતુ 'અટકી જવું', 'બેસવું', 'જોયા કરવું' જેવાં રંગસૂચનો ટાળી પણ શકાય, એ દિગ્દર્શકની કલ્પના પર છોડવું રહ્યું.

અનુઆધુનિક સાહિત્યમાં ગ્રામીણ જીવન, એ પાત્રોની ભાષા, પરિવેશ , દલિતોની પીડા, એમના સંઘર્ષ, નારીનો વિદ્રોહી સૂર વગેરે વિષે ઘણી વાતો થઇ પણ બદલાતી જતી રંગભૂમિ અને નાટકો વિષે ઝાઝી વાતો નથી થઇ. બદલાતી જતી રંગભૂમિનાં ઉદાહરણ રૂપે પણ આ નાટકોને જોઈ શકાય. અહીં ભલે શહેરી યુવા વર્ગ કેન્દ્રમાં છે પણ મોબાઇલનો એમની દુનિયામાં થતો પ્રવેશ, સંબંધને જોવાને એમની દૃષ્ટિ,ગુજરાતી- હિન્દી-અંગ્રેજી મિશ્રિત એમની શહેરી ભાષા અનુઆધુનિક છે. વળી, આ નાટકોની રચના એ રીતે પણ થઇ છે કે એ ગમે ત્યાં ઓછી સામગ્રી સાથે ભજવી શકાય. એક -બે પાત્રો સાથે એની રચના થઇ છે. ખુરશી કે ટેબલથી વધારે સામગ્રી નથી જે સહેલાઈથી ક્યાંયથી પણ ઉપલબ્ધ થઇ શકે. ટૂંકમાં ભજવનારના ખિસ્સાને પરવડે એવું એનું સમગ્ર આયોજન છે. એ અર્થમાં આ નાટકો બદલાતી રંગભૂમિનાં નાટકો છે, અનુઆધુનિક છે. અંતે ઉત્પલ ભાયાણીની વાત સાથે મારી વાત પૂરી કરું, " એકોક્તિઓ, નિબંધ કે પ્રવચનનો પર્યાય નથી પણ તખ્તા પર ભજવાતી નાટ્યકૃતિ છે એની પ્રતીતિ ઉત્તમ ગડાએ કરાવી છે." (અંતિમ પૃષ્ઠ) આ પ્રતીતિ આપણને પણ થયા વિના રહેતી નથી.

(ગડા, ઉત્તમ. *વોટ્સપ અને અન્ય લઘુનાટકો.* ૨૦૧૬. અમદાવાદ, મુંબઈ: ઈમેજ પબ્લિકેશન પ્રા. લિ.)